ત્રિભાષી વહીવટી શબ્દકોશ

(અંગ્રેજી - ગુજરાતી - હિંદી)

TRILINGUAL ADMINISTRATIVE DICTIONARY

(English - Gujarati - Hindi)

त्रिभाषी प्रशासनिक कोश

(अंग्रेजी - गुजराती - हिन्दी)

सत्यमेव जयते

ભાષા નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
Director of Languages, Gujarat State, Gandhinagar
भाषा निर्देशक, गुजरात राज्य, गांधीनगर

© ભાષા નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

© Directorate of Languages.
Gujarat State.
Gandhinagar.

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૮
કિંમત રૂ. ૧૨૫ - ૦૦

First Edition : 1988
Price Rs. : 125 - 00

પ્રકાશક :
ભાષા નિયામક,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૬, પહેલો માળ,
જૂનું સચિવાલય,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦.

Published by :
Director of Languages,
Gujarat State,
Block No. 6, 1st Floor,
Old Sachivalaya.
Gandhinagar - 382 010.

મુદ્રક :
પટેલ પ્રિન્ટીંગ પ્રેસ,
૨૨૫૮, ''હરિકૃપા'' મેન્શન,
રાયપુર દરવાજા પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

Printed at :
Patel Printing Press,
2258, "Hari Krupa" Mansion,
Near Raipur Gate,
Ahmedabad - 380 001.

ફોટોટાઈપ સેટિંગ :
ફીનિક્ષ ફોટોટાઈપ સેટર્સ,
એસ/૫, વિશાલ, બીજે માળ,
દિનેશ હૉલ પાસે, આશ્રમ માર્ગ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

Photo-type setting by :
Phoenix Photo-type Setters,
S/5, Vishal 2nd Floor,
Near Dinesh Hall, Ashram Road,
Ahmedabad - 380 009.

પુરોવચન

રાજ્ય વહીવટમાં ગુજરાતીકરણની નીતિના અમલ માટે તથા અખિલ ભારતીય કક્ષાએ એકસૂત્રતા જળવાય તે માટે ગુજરાત સરકારે અંગ્રેજી-ગુજરાતી અને હિંદીનો ત્રિભાષી વહીવટી શબ્દકોશ તૈયાર કરવાનું ઠરાવીને આવા શબ્દકોશના સંપાદન અને પ્રકાશન કાર્ય માટે ૨૫ સપ્ટેમ્બર, ૧૯૭૮ ના ઠરાવથી ''ત્રિભાષી શબ્દકોશ સલાહકાર સમિતિ''ની રચના કરી હતી. આ સમિતિએ સપ્ટેમ્બર, ૧૯૮૦ સુધીમાં અંગ્રેજી વર્ણ A થી H સુધીની શબ્દ-સંકલનની તથા પર્યાય-નિર્ણયની કામગીરી પૂરી કરીને, એ શબ્દ-સામગ્રીની પાકી બાંધેલી ટાઈપ-પ્રત ભાગ-૧ રૂપે તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી સમક્ષ રજૂ કરી હતી. ત્યારપછી સમિતિએ નવેમ્બર, ૧૯૮૨ સુધીમાં અંગ્રેજી વર્ણ I થી R સુધીના શબ્દોના પર્યાય - નિર્ણયની કામગીરી પૂરી કરી હતી. એ ગાળા પછી, સમિતિની મુદત સરકારે આગળ લંબાવી ન હોવાથી, સમિતિને ત્રિભાષી શબ્દકોશની કામગીરી અધવચ્ચે સ્થગિત કરી દેવી પડી. રાષ્ટ્રીય મહત્ત્વની આ કામગીરી અર્ધા ઉપરાંત પ્રમાણમાં સુવ્યવસ્થિત રીતે પાર પાડ્યા પછી આ રીતે વચ્ચેથી સ્થગિત કરી દેવાથી રાજ્ય સરકારનો તાકીદનો નીતિવિષયક કાર્યક્રમ ખોરંભે પડ્યો હતો અને સમિતિનો સમગ્ર પરિશ્રમ એળે જાય એવી સ્થિતિ સર્જાઈ હતી. આ સ્થગિતતા અંગેનાં કારણોથી સમિતિ સાવ અજાણ છે. આથી સચિંત અને વ્યગ્ર બનીને સમિતિએ સરકારના સંબંધિત વિભાગમાં અને મંત્રી કક્ષાએ પ્રસંગોપાત્ત એવી રજૂઆત કરી હતી કે સમિતિ બાકીના વર્ણોની પર્યાય-કામગીરી પૂરી કરી શકે એટલા પૂરતો મુદત-વધારો માન્ય રાખવો જોઈએ. આ પરિયોજનાનો કાર્યભાર સંભાળનાર તંત્ર તરીકે ભાષા નિયામકની કચેરીએ પણ પોતાની રીતે અને પોતાનાં કારણો દર્શાવીને સરકારમાં લગાતાર રજૂઆત કરી હતી. એ બધાંના પરિણામે તેમજ માનનીય શ્રી અમરસિંહ ચૌધરીએ મુખ્ય મંત્રીશ્રીનું પદ ધારણ કરતાં એઓશ્રીની સમક્ષ ભાષા નિયામકશ્રીએ રજૂઆત કરતાં, માર્ચ, ૧૯૮૬થી આ સમિતિની એક વર્ષ માટે પુનઃરચના કરવામાં આવી હતી. પુનઃરચના થયાના પ્રથમ મહિનાથી માંડીને સમિતિએ પોતાની બાકીની કામગીરી એક પવિત્ર ફરજ તરીકે જોશભેર ઉપાડી લીધી હતી અને ફેબ્રુઆરી, ૧૯૮૭ સુધીની પોતાની નિયત મુદત સુધીમાં R થી Z સુધીના વર્ણોને લગતી શબ્દકોશ વિષયક કામગીરી પૂરી કરી આપી હતી. સમગ્રપણે આ સમિતિએ કુલ ૫૯ જેટલી બેઠકો યોજીને શબ્દોની આમૂલાગ્ર ચર્ચા કરીને આશરે ૨૫,૦૦૦ શબ્દોનું કોશકાર્ય કર્યું હતું. તે એટલે સુધી કે સમિતિની એકેય બેઠક પાંચ કલાકથી વહેલી પૂરી થઈ હોય એવું નથી.

અંગ્રેજી-ગુજરાતી-હિંદી પર્યાયોનો આવો બૃહદ્ ત્રિભાષી વહીવટી શબ્દકોશ તૈયાર કરાવીને ગુજરાત રાજ્ય દેશભરમાં અગ્રયાયીપણાનું ગૌરવ અનુભવી શકે તેમ છે. રાષ્ટ્રવ્યાપી ઉપયોગિતા અને દૂરગામી પરિણામો ધરાવતા આવા રાજભાષાવિષયક કાર્યક્રમ સાથે સક્રિય સહયોગ સાધવાની તક મળવા બદલ સૌ સમિતિ-સભ્યો આનંદ અનુભવે છે અને ભલે બે તબક્કે પણ આ ભગીરથ કોશકાર્ય લગભગ એના એ જ નિષ્ણાતોના માર્ગદર્શન સાથે કેવળ પ્રીતિકાર્યરૂપે સુપેરે પાર પાડી શકાયું એનો સંતોષ સ્વાન્તઃ સુખાય અનુભવે છે.

વહીવટ-ઉપયોગી પર્યાય પ્રયોજવાની કામગીરી પ્રારંભરૂપે, ૧૯૬૦માં શ્રી મગનભાઈ પ્ર. દેસાઈના અધ્યક્ષપદે નિમાયેલી ''પ્રશાસન શબ્દકોશ સમિતિ''નો ''વહીવટી શબ્દકોશ'' (૧૯૬૫) અને તેની પુરવણી (૧૯૬૯) સુલભ થયાં હતાં, ગુજરાત રાજ્ય કાયદા પરિભાષા કમિશને ૧૯૬૫માં ''કાયદાના પારિભાષિક શબ્દોનો કોશ'' અંગ્રેજી-ગુજરાતી-હિંદીમાં પ્રગટ કર્યો હતો. ક્રમશઃ વહીવટમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ વ્યાપક અને વેગીલો બનવાથી, જુદાજુદા વિષયોના પુષ્કળ શબ્દો વહીવટી કામકાજના ક્ષેત્રે દાખલ થતા રહ્યા, પરિણામે ૧૯૬૯ સુધીમાં પ્રગટ થયેલી ઉપર્યુક્ત કોશસામગ્રી અપર્યાપ્ત બની રહી અને વહીવટી શબ્દકોશનું ફલક વિસ્તૃત કરવાનું અને તેમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવવાનું અનિવાર્ય બની ગયું. વળી, ગુજરાતીની સાથોસાથ હિંદી પણ રાજ્યની રાજભાષા તરીકે સ્વીકારાઈ હોઈ અને ગુજરાત સરકારે કેન્દ્ર સરકાર તેમજ હિંદીભાષી અને બીજાં કેટલાંક રાજ્યો સાથે હિંદીમાં પત્રવ્યવહાર કરવાનું સ્વીકાર્યું હોઈ, સરકારને વહીવટી પ્રયોગના અંગ્રેજી શબ્દોના ગુજરાતી પર્યાયોની સાથોસાથ હિંદી પર્યાયોનો સમાવેશ કરનારી કોશસામગ્રીની જરૂરત સમજાઈ અને આમ વ્યવસ્થિત, વૈજ્ઞાનિક અને વિસ્તૃત ''ત્રિભાષી વહીવટી શબ્દકોશ''ની પરિયોજના જન્મી.

વડોદરા રાજ્યે મહારાજા સયાજીરાવની આજ્ઞાથી, મરાઠી નહિ પણ ગુજરાતી રાજભાષા સ્વીકારી હોઈ, ''શ્રી સયાજીશાસન શબ્દ કલ્પતરું'' ૧૯૨૧માં પ્રગટ કર્યો હતો. પણ તે સમયે કેન્દ્ર સાથેનો પત્રવ્યવહાર પોલિટિકલ કચેરીએ અંગ્રેજીમાં જ કરવાનો હોઈ તથા ૧૯૨૧ સુધીના રાજ્યના નિબંધ-નિયમો-કાયદા-ટિપ્પણોમાં વપરાયેલા શબ્દોનો સમાવેશ એમાં થયો હોઈ તેમજ ત્યાર પછીના લગભગ સાત દાયકામાં સરકારી વહીવટનો વ્યાપ અતિશય વધ્યો હોઈ એ મહાકોશ ક્યારનો ય કાલગ્રસ્ત થયો છે.

કોશના નામાભિધાનથી સૂચિત થાય છે એ પ્રમાણે પ્રસ્તુત શબ્દકોશમાં પ્રથમ અંગ્રેજી વહીવટી શબ્દ આપીને તેના ગુજરાતની રાજ્યભાષાઓમાં એટલે કે અનુક્રમે ગુજરાતી અને હિંદીમાં પર્યાયો આપવામાં આવ્યા છે. શબ્દોની પસંદગી બાબતમાં સમિતિએ, વપરાશમાં સામાન્યપણે રૂઢ થયેલા શબ્દોને અગ્રતા આપી છે. વળી વહીવટી કામકાજના એકે એક શબ્દનો આ કોશમાં સમાવેશ કરવાનું અભિપ્રેત નથી, એ શક્ય પણ નથી. એટલે જ વહીવટી વપરાશમાં હોય એવો કોઈક શબ્દો આ કોશમાં સ્થાન પામ્યા ન હોય એવું બને, પણ આ કોશની પર્યાય-યોજનાનો મહાવરો થતાં, કોશ વાપરનાર પોતે જ કોશમાંના ચાવીરૂપ પર્યાયોના આધારે આપમેળે પર્યાયો વિચારી પ્રયોજી લે એવો અભિગમ રખાયો છે.

આમ છતાં, સમિતિએ પ્રારંભમાં કોશ-રચનાના સિદ્ધાંતોની વિચારણા કરતાં વર્જન (Omission) નહિ પણ વર્ધન (Commission)ની અર્થાત્ તત્કાળ ફાલતુ જણાતા કેટલાક શબ્દોનો સમાવેશ થાય તો સારું એ પ્રકારની કાર્યનીતિનો અંગીકાર કર્યો હોઈ, થોડાક વધારાના શબ્દો પણ આ કોશમાં સ્થાન પામ્યા છે.

પ્રસ્તુત શબ્દકોશ વિદ્યાકીય નહિ, પણ પ્રયોજનલક્ષી વહીવટી કોશ હોઈ, સમિતિએ એ માટે વ્યવહારું ઉપયોગિતાનો અભિગમ અપનાવીને પર્યાય-વિચારણા વેળા સરળતા તથા સુગમતા તરફ

વિશેષ લક્ષ આપવાનું ઈષ્ટ ગણ્યું છે. આ જ કારણે, વિદ્યાકીય કોશોમાં જરૂરી ગણાતી વ્યુત્પત્તિ, ક્રમિક અર્થવિકાસ, વ્યાકરણ, વગેરે જેવી વિગતોની આમાં અપેક્ષા ન રહે તે દેખીતું છે. સરળ-સુગમ વ્યવહારભાષા પ્રયોજવાના આશયથી જ સમિતિએ ગુજરાતીમાં, નિત્ય વપરાશમાં અત્યંત રૂઢ બની ગયેલા ''અપીલ,'' ''કલેક્ટર,'' વગેરે જેવા કેટલાક શબ્દો ગુજરાતીમાં યથાવત્ અપનાવી લીધા છે. એ જ રીતે ગુજરાતી ભાષામાં ભળી જઈ ગુજરાતી બની ગયેલા ''દાવો,'' ''ફેંસલો,'' ''અરજી,'' ''દસ્તાવેજ,'' ''ફોજદારી,'' ''મહેસૂલ'' વગેરે જેવા અરબી-ફારસી મૂળના શબ્દોને વહીવટ-વપરાશમાં પ્રચલિત રાખવાનું ઉચિત ગણ્યું છે.

સમિતિએ ગુજરાતી-હિંદી પર્યાયો આપતી વેળા, જરૂર જણાય ત્યાં અને યોગ્ય અગ્રતાક્રમ જળવાઈ રહે એ રીતે, એક કરતાં વધુ વિકલ્પ-પર્યાયો પણ સૂચવ્યા છે. જુદા જુદા અર્થ-સંદર્ભમાં વપરાતા શબ્દો માટે વિવિધ વિકલ્પ-પર્યાયો આપવાની પ્રથા સમિતિએ અપનાવી છે અને આમ કરવામાં પણ, વધુ વ્યાપક ચલણ ધરાવતા પર્યાયને અગ્રતા આપી છે.

એ પૈકી જે અંગ્રેજી શબ્દના એક કરતાં વધુ અર્થ થતા હોય અને બધા નહીં પણ અમુક જ અર્થ વહીવટ સાથે સંબંધ ધરાવતા હોય તેમની બાબતમાં મુખ્યત્વે વહીવટ-ઉપયોગી અર્થ સૂચવતા પર્યાયો આપવામાં આવ્યા છે અને આવા પર્યાયો આગળ સંબંધિત વિષય કે ક્ષેત્રની સૂચક સંકેતસંજ્ઞા દર્શાવી છે; જેમકે, શિ. (શિક્ષણ), વાણિ.(વાણિજ્ય), અર્થ.(અર્થશાસ્ત્ર) વગેરે, આ ઉપરાંત અર્થ-સંદર્ભ વિશેષ સ્પષ્ટ કરવાનું ખાસ જરૂરી બનતું હોય એવા શબ્દોની બાબતમાં પણ આવા સંકેતાક્ષરોનો ઉપયોગ કરાયો છે. અનિવાર્ય બન્યું હોય ત્યાં જ ક્રિ.(ક્રિયાપદ), વિ.(વિશેષણ) અને સં.(સંજ્ઞા) જેવા વ્યાકરણ-સંકેતોનો ઉપયોગ કર્યો છે. આવા સંકેતાક્ષરોની એક સર્વગ્રાહી યાદી કોશના આરંભમાં જ મૂકી છે.

હિંદી પરિભાષા પૂરતું સમિતિએ કેન્દ્ર સરકાર તેમજ હિંદીભાષી રાજ્યો સાથે એકસૂત્રતા જળવાઈ રહે એવું વલણ અપનાવ્યું છે અને એ હેતુસર ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળના કેન્દ્રીય હિંદી નિદેશાલયનું કોશ-સાહિત્ય, વિધિ મંત્રાલયની ''વિધિ શબ્દાવલી'' તથા ગૃહ મંત્રાલયના રાજભાષા વિભાગ હેઠળના કેન્દ્રીય અનુવાદ બ્યૂરોની ''સમન્વિત પ્રશાસન શબ્દાવલી'' આધારસામગ્રી તરીકે પૂરેપૂરી ઉપયોગમાં લીધી છે, પણ એમ કરતાં સુપ્રચલિત અને સુગમ ગુજરાતી શબ્દોને જાકારો આપ્યો નથી.

આ વિશિષ્ટ શબ્દકોશ માટે શબ્દ-સંકલન તથા પર્યાય-તારણની મૂળભૂત કામગીરી હાથ ધરવા ગુજરાત રાજ્યના ભાષા નિયામકની કચેરીમાં ખાસ સંશોધન એકમ રચવામાં આવ્યો હતો. આવી બૃહદ્ કામગીરી હાથ ધરવા તેનું સંખ્યાબળ પર્યાપ્ત ન હતું, છતાં સમયાંતરે મળતી સમિતિની બેઠકો માટે, વિશાળ કોશ-સાહિત્યમાંથી તારવેલ શબ્દ-સંચય તથા પર્યાય-વિકલ્પો સાથેની શબ્દાવલી નિયમિત મોકલતા રહેવામાં તેણે ક્યારેય પ્રમાદ કર્યો નથી. સંશોધનલક્ષી અભિગમથી, ચીવટપૂર્વક, ચોક્સાઈપૂર્વક અને ખંતપૂર્વક તૈયાર કરાયેલી શબ્દ સામગ્રીનાં ગુણવત્તા તથા સંખ્યાપ્રમાણ એ બંને એકધાર્યા જળવાઈ રહેવાથી કોશનિર્માણની સમિતિની કામગીરી ઘણે અંશે સરળ બની રહી. સરકારી તંત્રની લાક્ષણિક મર્યાદાઓ છતાં આટલા વિશાળ ફલકનું અને તદ્દન વિદ્યાકીય પ્રકારનું કાર્ય લગાતાર એકધારી નિષ્ઠાપૂર્વક હાથ ધરી ભાષા નિયામકની કચેરીએ સુપેરે પાર પાડ્યું એ સૌ સમિતિ-સભ્યો માટે સુખદ અનુભવ બની રહ્યો. સમિતિ-સભ્યોએ પણ એક સાથે પાંચ-છ કલાકની બેઠકો યોજવાનો અને જરૂર પડયે ઉપરાઉપરી બે-બે દિવસની બેઠકો યોજવાનો ક્રમ અપનાવીને આ કચેરીની કાર્ય-તત્પરતા સાથે સુમેળ ગોઠવ્યો હતો. સમિતિની બેઠકો દરમિયાન સમિતિ-સભ્યોએ શબ્દ-સામગ્રી અંગે વિશદ છણાવટ અને કેટલીકવાર તો ઐતિહાસિક ક્રમે અર્થાન્તર, અર્થસંકોચ, અર્થવિસ્તાર, અર્થસંક્રાન્તિનાં કારણો આદિની વિસ્તૃત ચર્ચા કરીને પોતાનો પણ જ્ઞાનવિસ્તાર કર્યો છે. પણ આવી કેવળ વિદ્યાકીય તથા વ્યુત્પત્તિક્રમલક્ષી અને ઈતિહાસલક્ષી લંબાણ ચર્ચાઓને ધીરજથી સહન કરી લેવા બદલ ભાષા-વિભાગના અમલદારોનો, સમિતિના સભ્યો વતી હું હૃદયપૂર્વક આભાર માનું છું. સમિતિએ પ્રત્યેક પર્યાય અંગે સર્વાનુમતિથી નિર્ણય કર્યો છે તેની નોંધ લેતાં પણ હર્ષ થાય છે.

કોશ-નિર્માણનું આ શ્રમસાધ્ય છતાં આનંદપ્રદ કાર્ય આ સમિતિને સોંપવા બદલ સૌ સમિતિ-સભ્યો ગુજરાત સરકારનો આભાર માને છે. સમિતિએ પોતાનો કાર્યારંભ કર્યો ૧૯૭૮માં અને કામગીરી પૂરી થઈ ૧૯૮૭માં. ભાષા નિયામકની કચેરીના વર્તમાન ભાષા નિયામક અને આ સમિતિના સભ્ય-સચિવ શ્રી નારાયણ ભ. વ્યાસ સમિતિના સમગ્ર સમયગાળા દરમિયાન એ સાથે સંકળાયેલા રહ્યા. આ કપરી છતાં કીમતી કામગીરી સાંગોપાંગ પાર પાડવામાં તેમણે સતત દાખવેલાં નિષ્ઠા અને ઉત્સાહની સમિતિ સહર્ષ નોંધ લે છે. તેમની સહાયમાં રહેલા નાયબ ભાષા નિયામકો તરીકે શ્રી શં.ગો. જોશી અને શ્રી મ. હી. ચોક્સીએ કરેલા પ્રામાણિક અને ખંતીલા પરિશ્રમનો ઉલ્લેખ પણ અહીં પ્રસ્તુત ગણાશે. સમિતિનું કાર્ય સફળ બનાવવામાં પ્રત્યક્ષ-પરોક્ષ રીતે સહકાર આપનાર સૌ કોઈ અધિકારી-કર્મચારી પ્રત્યે પણ સમિતિ આભારભાવ વ્યક્ત કરે છે.

કેવળ વહીવટી ક્ષેત્રને લગતા જ શબ્દોની આટલી વિશાળ સંખ્યા ધરાવતો અને તે પણ ત્રણ ભાષામાં સંપાદિત કરાયેલો આ બૃહદ શબ્દકોશ રાજભાષા કાર્યક્રમના અમલની દિશામાં સમસ્ત ભારતમાં યશોદાયી સીમાસ્તંભ બની રહેશે તેમજ આવતા અનેક દાયકા સુધી વ્યવહારોપયોગી નીવડશે. એ હકીકત નોંધતા આ સમિતિ સંતોષ અનુભવે છે. હવે પછી સરકારના સમગ્ર વહીવટી તંત્રમાં તમામ સ્તરે આ કોશમાંના ગુજરાતી તથા હિન્દી પર્યાયોનો જ અચૂક ઉપયોગ કરવામાં આવે એવો નીતિ-કાર્યક્રમ ગોઠવીને રાજ્ય સરકાર રાજભાષા વિશેની પોતાની વચનબદ્ધતા પરિપૂર્ણ કરશે એવી સમિતિને શ્રદ્ધા છે.

ભોગીલાલ જ. સાંડેસરા
અધ્યક્ષ
ત્રિભાષી વહીવટી શબ્દકોશ સલાહકાર સમિતિ

આમુખ

ગુજરાત રાજ્યની ભાષા નિયામકની કચેરી, ''ગુજરાત રાજભાષા અધિનિયમ'' (૧૯૬૧) ની જોગવાઈઓનું પાલન કરાવનારું તથા રાજ્ય સરકારના રાજભાષા નીતિ-કાર્યક્રમનો અમલ કરનારું તંત્ર છે. આવી વૈધાનિક જોગવાઈઓ તથા સરકારી નીતિના પાલન માટે આ કચેરી તરફથી ભાષાંતર, સંશોધન, પ્રકાશન, તાલીમ અને પરીક્ષા એમ વિવિધલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરાય છે. આ પ્રવૃત્તિક્રમના ભાગ રૂપે આ કચેરીના ઉપક્રમે અને રાજ્ય સરકાર નિયુક્ત 'ત્રિભાષી શબ્દકોશ સલાહકાર સમિતિ' (તેના સભ્યોની નામ-વિગત હવે પછી દર્શાવેલી છે) ના માર્ગદર્શન હેઠળ આ અંગ્રેજી-ગુજરાતી-હિન્દી ત્રિભાષી વહીવટી શબ્દકોશ તૈયાર થયો છે. ઉક્ત અધિનિયમ અન્વયે રાજ્ય સરકારે રાજભાષા તરીકે ગુજરાતી તથા હિંદી એમ બંને ભાષાનો સ્વીકાર કર્યો છે. હિંદી, હિંદીભાષી રાજ્યોની રાજભાષા તથા પરસ્પર સંપર્કની ભાષા છે. આથી આ પ્રકારના શબ્દકોશના પ્રકાશનથી રાજ્ય પૂરતું વહીવટી પરિભાષાના ઉપયોગમાં અનિવાર્ય એકસૂત્રતા લાવી શકાશે અને રાષ્ટ્રીય સ્તર પૂરતું સંપર્ક-વ્યવહારના ક્ષેત્રે મોકળાશ અને સુગમતા વધશે. રાજ્ય સરકાર તરફથી રાજભાષાના નીતિ-કાર્યક્રમના અમલ માટે આવી વ્યાપક ઉપયોગિતા ધરાવતી પરિયોજના સુપેરે પાર પડાય એ અવશ્ય પ્રેરક પહેલ ગણાય અને એવા પ્રગતિશીલ પગલામાં આ કચેરી યશભાગી બને છે એનો આનંદ થાય છે.

આવું ભગીરથ કામ એકાદ-બે વ્યક્તિઓથી પાર પડે નહીં એ દેખીતું છે. વસ્તુતઃ આ બૃહદ ત્રિભાષી વહીવટી શબ્દકોશને એક સહિયારા સંનિષ્ઠ પુરુષાર્થ તરીકે જ મૂલવવાનો રહે. પ્રારંભિક બેએક વર્ષ બાદ કરતાં, આ સમિતિના મોટાભાગના કાર્યકાળ દરમિયાન, તેની કોશનિર્માણની કામગીરી સાથે સતત સહયોગ પાઠવવાનું નિમિત્ત મળ્યું એ એક સુખદ અનુભવ છે. સમિતિના મોટાભાગના સભ્યોએ સ્થળ, સમય, સંજોગ કે સ્વાસ્થ્યની કોઈપણ પ્રતિકૂળતા લક્ષમાં લીધા વિના સમિતિની બેઠકો વડોદરા, ગાંધીનગર કે અમદાવાદ એમ પ્રસંગોપાત જ્યાં યોજાય ત્યાં હાજરી આપવાની અનુકૂળતા કરવાની અને કચેરી તરફથી મોકલાવાયેલી શબ્દસામગ્રીની પૂરેપૂરી વિચારણા કરી સર્વાનુમતિથી પર્યાય-નિર્ણય કરવાની અને જરૂર પડ્યે સમિતિની બેઠક લંબાવીને પણ અને ઉપરાઉપરી દિવસોએ -રજાના દિવસોએ પણ બેઠકો યોજી લઈને નિર્ધારિત કાર્યસૂચિ પૂરી કરવાની સુમેળભરી પરંપરા અપનાવી તેથી આ વિકટ કામગીરી સરળ અને વેગીલી બની તથા નિયત સમયમર્યાદામાં પૂરી કરી શકાઈ. બીજા પક્ષે, પ્રસંગોપાત આ કામગીરી સંભાળતા રહેલા, આ કચેરીના નાયબ ભાષા નિયામકો અને તેમના હાથ નીચેના ભાષાંતરકાર/સંશોધન મદદનીશોએ પણ ઊલટભેર, આ કામગીરીનાં ગુણવત્તા તથા વેગ જાળવી રાખવામાં સક્રિય સહયોગ પાઠવ્યો છે. આમ સૌના સહકારભર્યા સહિયારા પુરુષાર્થનું આ સુફળ છે અને સુયોજિત સફળ કામગીરીના દૃષ્ટાંતરૂપ છે.

આ ત્રિભાષી વહીવટી શબ્દકોશના પ્રકાશનથી રાજભાષાના ઉપયોગ-અમલના ક્ષેત્રે ધોરણ-સ્થાપનની નિશ્ચિત ભૂમિકા સર્જાય છે. ૨૫,૦૦૦ જેટલા શબ્દો-પર્યાયોથી મબલખ સામગ્રી ધરાવતો આ બૃહદ કોશ, એમાં વહીવટી તંત્રમાં ઉપયોગમાં લેવાતા શબ્દોનો સવિશેષ સમાવેશ થતો હોઈ, અનુકૂળતા ખાતર ''વહીવટી કોશ'' તરીકે ઓળખાવાયો છે. પરંતુ ભાષાકીય વ્યવહારમાં શબ્દો વિશે એવી ચુસ્ત વાડાબંધી હોતી નથી. વાસ્તવમાં વર્તમાન વિકાસલક્ષી વહીવટી તંત્ર પ્રજાજીવનનાં અનેક ક્ષેત્રોને સ્પર્શે છે અને એ રીતે સમસ્ત ભાષા-વ્યવહાર વિશે આ શબ્દકોશનું મહત્વનુ પ્રદાન રહેશે. એટલે જ આ શબ્દકોશની પરિભાષા માત્ર વહીવટ-વ્યવહાર પૂરતી જ સીમિત ન રહે અને ગુજરાતભરમાં આકાશવાણી, દૂરદર્શન તથા અખબારો જેવાં લોકમાધ્યમો, સાહિત્યકારોને વિવેચકો, વિદ્યાર્થીઓ અને વિષય-નિષ્ણાંતો, અધ્યાપકો અને સંશોધનકારો એમ સૌ ગુજરાતીભાષી આ કોશમાંના શબ્દોનો ઉપયોગ કરવાના પ્રસંગ પડ્યે આમાંના જ નિશ્ચિત પર્યાયો પ્રયોજવાની પ્રથા અપનાવે એવો આ કોશકારોનો અભિગમ અને આગ્રહ છે. અને એવી ચીવટપૂર્વકની જાગૃતિ દાખવ્યેથી જ, વ્યાપક રીતે ગુજરાતી લેખન-વ્યવહારમાં જોવા મળતી અરાજકતા દૂર થશે અને પરિભાષાવિષયક સાતત્ય અને પ્રમાણભૂતતા પ્રચલિત કરવાનું કાર્ય સરળ અને વેગીલું બની શકશે. ટૂંકમાં આ ત્રિભાષી વહીવટી શબ્દકોશ ગુજરાતી ભાષાની શબ્દ-સમૃદ્ધિ. વ્યવહાર-ઉપયોગિતા તથા અભિવ્યક્તિની ક્ષમતા વધારવાની દિશામાં મહત્ત્વનો સીમાંક બની રહેશે એવી શ્રદ્ધા છે.

આ કોશની ઉપયોગિતામાં વધારો થાય એવાં કોઈ પણ સૂચનો આવકાર્ય છે. આ કોશની ભાવિ આવૃત્તિ માટે તે ઉપયોગમાં લઈ શકાશે

૨૮ ફેબ્રુઆરી, ૧૯૮૭
ગાંધીનગર

ના. ભ. વ્યાસ
ભાષા નિયામક
ગુજરાત રાજ્ય

PREFACE

The Directorate of Languages, Gujarat State is the organisation entrusted with the implementation of the provisions of the Gujarat Official Languages Act, 1961 and enforcement of the official language policy-cum-programme of the Government of Gujarat. With a view to implementing the statutory provisions as also the policy of the Government, this Directorate undertakes multiple activities related to translation, research, publication, training and examinations. As a part of this activity, this English-Gujarati-Hindi Trillingual Admistrative Dictionary has been prepared under the auspices of this Directorate with the guidance of the Trillingual Administrative Dictionary Advisory committee (namewise details of which are given hereafter) appointed by the State Government. As per the provisions of the said Act, the State Governnment has accepted both Gujarati and Hindi as its official languages. Hindi is the official language of Hindi-speaking states and is also an inter-state link language. As for the State, this publication will help achieving such uniformity as is inevitable for the use of administrative terminology and at the national level, it will enhance the scope and smoothness of the communication. The fact that the project of such a wider utility in terms of the implementation of the official language policy-programme has been systematically executed by the State Government can be interpreted as an exemplary initiative and this Directorate feels happy that it has been able to contribute in this progressive measure of the Government.

It is obvious that such a herculian task cannot be executed by a couple of persons. Indeed, this extensive Trilingual Administrative Dictionary needs to be evaluated as a product of joint and sincere venture. It is a pleasant experience for me to have been associated with compiling of this Dictionary for most of the period of functioning of the Committee excepting about two years at the initial stage. Ignoring the inconveniences related to place, time, circumstances or health, most of the members of the Committee managed to attend the meetings whether held at Vadodara, Gandhinagar or Ahmedabad and they have finalished the equivalents unanimously after careful consideration fo the words from the list furnished by this office. They not only extended the working hours of the meeting but also helped in convening it even on holidays, when so required, so as to complete the scheduled agenda and this proved to be a pattern of harmonious working whereby this difficult task became a simplified assignment and accelerated its tempo which ultimately enabled us to complete it within the stipulated period. On the other hand, the Deputy Directors and translators/research assistants under them entrusted with this work have also extended their willing co-operation in maintaining quality and tempo of the work. This is thus an outcome of joint and mutual co-operation and serves to be a model of successful functioning in a planned manner.

With the publication of this Trillingual Administrative Dictionary, a secured foundation is laid for ensuring standardisation in the sphere of the official language in terms of usage and implementation. For the sake of convenience, this voluminous Dictionary containing a rich material of as many as 25,000 words and their equivalents has been conveniently named' Administrative Dictionary' since it mainly includes words especially of administrative usage. But so far as words are concerned, there are no watertight compartments in language-communication. In fact, the present-day progress oriented administrative machinery covers numerous spheres of public life. Consequently, this Dictionary will provide significant contribution towards the language-communication in general. The compilers of this Dictionary, therefore, urge and wish earnestly that the specific terminology of this Dictionary far from being confined to administrative sphere alone, shall be followed as a regular practice by such of the mass-media as the radio, the television and the press as also by literary persons and critics. students and subject-experts, lecturers and researchers i.e. the entire Gujarat-speaking community of Gujarat as and when they are required to use such technical terms in Gujarat. Such meticulous awareness alone will help removing the anarchy widely prevailling in communications in Gujarat and consequently, that will smoothen and quicken the task of popularising the terminological consistency and standardisation. In short, I am sure that this Trillingual Administrative Dictionary will prove to be a landmark in the direction of enhancing the richness of Gujarat vocabulary, its practical utility and its power of expression.

All such suggestions as are aimed at increasing the utility of this Dictionary are welcome; they will be used for future edition of this Dictionary.

N.B. Vyas
28th February, 1987 Director of Languages,
Gandhinagar. Gujarat State

ત્રિભાષી વહીવટી શબ્દકોશ સલાહકાર સમિતિ

(૧) ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા
નિવૃત્ત નિયામક, પ્રાચ્ય વિદ્યામંદિર, મ.સ. યુનિવર્સિટી,
વડોદરા — અધ્યક્ષ

(૨) શ્રી મોહનભાઈ શં. પટેલ
નિવૃત્ત અધ્યક્ષ, ગુજરાત રાજભાષા (કાયદા) આયોગ,
ગાંધીનગર — સભ્ય

(૩) શ્રી હેમકુમાર મિસ્ત્રી આઈ.એ.એસ.
સભ્ય, ગુજરાત મુલકી સેવા પંચ,
ગાંધીનગર — સભ્ય

(૪) શ્રી જીતેન્દ્ર અ. દવે
નિવૃત્ત આચાર્ય, સી.સી.પરીખ મહિલા આર્ટ્સ કોલેજ,
વિસનગર — સભ્ય

(૫) શ્રી વ.હી. ભણોત
નિવૃત્ત અધ્યક્ષ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર — સભ્ય

(૬) શ્રી અનંતરાય મ. રાવળ
નિવૃત્ત ભાષા નિયામક, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર — સભ્ય

(૭) ડૉ. કુંજબિહારી વાર્ષ્ણેય
હિંદી વિભાગના વડા,
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. — સભ્ય

(૮) શ્રી હસિત હ. બૂચ
નિવૃત્ત ભાષા નિયામક, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર — સભ્ય

(૯) શ્રી ના.ભ. વ્યાસ
ભાષા નિયામક, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર — સભ્ય-સચિવ

આ સમિતિમાં હિંદી ભાષાના નિષ્ણાત તરીકે ડૉ. અંબાશંકર નાગર (ભૂતપૂર્વ નિયામક, ભાષા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) તા.૨૫ સપ્ટેમ્બર, ૧૯૭૮થી તા. ૧૪ સપ્ટેમ્બર, ૧૯૮૦ સુધી અને ત્યારબાદ ડૉ. ગોવર્ધન શર્મા (નિવૃત્ત આચાર્ય, આર. આર. લાલન કોલેજ, ભુજ) તા.૧૫ સપ્ટેમ્બર, ૧૯૮૦ થી તા. ૩૦ નવેમ્બર, ૧૯૮૨ સુધી સભ્યપદે હતા. પુનઃરચના પામેલી આ સમિતિમાં હિંદીના નિષ્ણાત તરીકે ડૉ. કુંજબિહારી વાર્ષ્ણેય તા.૧ માર્ચ, ૧૯૮૬થી સભ્યપદે નિમાયા હતા. શ્રી પ્ર.ચી.પરીખ (ભૂતપૂર્વ અધ્યક્ષ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર) તા.૨૫ સપ્ટેમ્બર, ૧૯૭૮થી તા. ૧૪ સપ્ટેમ્બર, ૧૯૮૦ સુધી સભ્યપદે રહ્યા હતા અને તા. ૧૫ સપ્ટેમ્બર, ૧૯૮૦ થી તેમના સ્થાને શ્રી અનંતરાય મ. રાવળ સભ્યપદે નિયુક્ત થયા હતા. શ્રી હસિત હ. બૂચ પુનઃરચના પામેલી સમિતિમાં તા. ૧૨ ઓગસ્ટ, ૧૯૮૬થી એક વધારાના સભ્ય તરીકે નિયુક્તિ પામ્યા હતા.

Trillingual Administrative Dictionary Advisory Committeee

(1) Dr,. Bhogilal J. Sandesara
Ex-Director, Oriental Institute,
M.s. University, Vadodara — Chairman

(2) Shri Mohanbhai S. Patel
Ex-Chairman, Gujarat Official Language (Legislative) Commission,
Gandhinagar — Member

(3) Shri Hemkumar Mistri, I.A.S.
Member, Gujarat Civil Services Tribunal, Gandhinagar — Member

(4) Shri Jitendra A. Dave
Ex-Principal, C. C. Parikh Arts College for Women, Visnagar — Member

(5) Shri V. H. Bhanot
Ex-Chairman, Gujarat Secondary Education Board, Vadodara — Member

(6) Shri Anantrai M. Raval
Ex-Director of Languages,
Gujarat State, Gandhinagar — Member

(7) Dr. Kunjbihari Varshney
Head of Hindi Department,
Gujarat Vidyapith, Ahmedabad. — Member

(8) Shri Hasit H. Buch
Ex-Director of Languages,
Gujarat State, Gandhinagar — Member

(9) Shir N. B. Vyas
Director of Languages,
Gujarat State, Gandhinagar — Member-Secretary

Dr. Ambashankar Nagar (Ex-Director, School of Languages, Gujarat University Ahmedabad) was a member on this Committee as a Hindi expert from 25th September, 1978 to 14th September, 1980 and thereafter Dr. Goverdhan Sharma (Ex-Principal, R.R. Lalan College, Bhuj) was a member from 15th September, 1980 to 30th November 1982 in the same capacity. Dr. Kunjbihari Varshney was appointed as a Hindi expert member since 1st March 1986 in the re-constituted committee. Shri P. C. Parikh (Ex-Chairman, Gujarat Secondary Education Board, Gandhinagar) was a member of this Committee from 25th September, 1978 to 14th September, 1980. He was replaced by Shri Anantrai M. Raval from 15th September, 1980 Shri Hasit H. Buch was appointed as an additional member on this reconstituted Committee from 12h August, 1986

સંકેત-સૂચિ
(ગુજરાતી)

અ.	અવ્યય
અર્થ.	અર્થશાસ્ત્ર
આંકડા.	આંકડાશાસ્ત્ર
ઈજ.	ઈજનેરી
ઉ.	ઉદ્યોગ
કા.	કાયદો
ક્રિ.	ક્રિયાપદ
ક્રિ.વિ.	ક્રિયાવિશેષણ
કૃ.	કૃષિ
ખગો.	ખગોળવિજ્ઞાન
ગણિ.	ગણિતશાસ્ત્ર
ગ્રંથા.	ગ્રંથાલયવિજ્ઞાન
ચૂંટ.	ચૂંટણી
જીવ.	જીવવિજ્ઞાન
ત.	તબીબીવિજ્ઞાન
તત્ત્વ.	તત્ત્વવિજ્ઞાન
નૌ.	નૌપરિવહન
પત્ર.	પત્રકારત્વ
પદાર્થ.	પદાર્થવિજ્ઞાન
પશુ.	પશુપાલન
પુરા.	પુરાતત્ત્વ
પ્રાણી.	પ્રાણીવિજ્ઞાન
બેં.	બેંક
ભા.વિ.	ભાષાવિજ્ઞાન
ભૂસ્તર.	ભૂસ્તરવિજ્ઞાન
મત્સ્ય.	મત્સ્ય-ઉદ્યોગ
મા.	માનસશાસત્ર
મુદ્ર.	મુદ્રણ
મોજ.	મોજણી
રમ.	રમતગમત
રસા.	રસાયણશાસ્ત્ર
રાજ.	રાજનીતિશાસ્ત્ર
રેલ.	રેલવે
લશ્ક.	લશ્કર સંબંધી
વન.	વનસ્પતિવિજ્ઞાન
વહી.	વહીવટ
વાણી.	વાણિજ્ય
વિ.	વિશેષણ
વ્યા.	વ્યાકરણ
શ.ક્રી.	શસ્ત્રક્રિયાવિજ્ઞાન
શિ.	શિક્ષણ
સં.	સંજ્ઞા
વિ.	વિશેષણ
સંચા.	સંચાર
સ્થા.	સ્થાપત્ય
હિ.	હિસાબ
સંગી.	સંગીત

संकेत-सूची
(हिन्दी)

अ.	अव्यय
अर्थ.	अर्थशास्त्र
इंजी.	इंजीनियरिंग
उ.	उद्योग
का.	कानून
क्रि.	क्रिया
क्रि.वि.	क्रिया विशेषण
पत्र.	पत्रकारिता
पशु.	पशुपालन
पुरा.	पुरात्त्व
प्रशा.	प्रशासन
प्राणि.	प्राणि विज्ञान
बैं.	बैंक
क्री.	क्रीड़ा
कृ	कृषि
खगो.	खगोल विज्ञान
वास्तु.	वास्तुविद्या
गणि.	गणित शास्त्र
ग्रंथा.	ग्रंथालय विज्ञान
चिकि.	चिकित्सा विज्ञान
जीव.	जीव विज्ञान
दर्श.	दर्शनशास्त्र
निर्वा.	निर्वाचन
नौ.	नौपरिवहन
भा.वि.	भाषा विज्ञान
भू.	भूस्तर विज्ञान
भौति.	भौतिकी
मत्स्य.	मत्स्य-उद्योग
मनो.	मनोविज्ञान
मुद्र.	मुद्रण
राज.	राजनीति शास्त्र
रेल.	रेलवे
ले.	लेखा
वन.	वनस्पति विज्ञान
वाणि.	वाणिज्य
वि.	विशेषण
व्या.	व्याकरण
शल्य.	शल्यशास्त्र
शि.	शिक्षा
सर्वे.	सर्वेक्षण
सेना.	सेना सम्बन्धी
सं.	संज्ञा
संगी.	संगीत
संचा.	संचार
सां.	सांख्यिकी
रसा.	रसायनविज्ञान

Preface

When the entire world is advancing towards the 21st Century, the Government of Gujarat has also attempted to balance with the times. The Directorate of Languages, has uptil now, publish almost 50 precious publications. Out of which, ''Trilingual administrative Dictionary'' has an eminent place. This dictionary was awarded Sanskar Award in 1987 by the Hon. Governor. For the last two decades, having importance of this dictionary to the government employees / officers, the demand for the dictionary has been increasing day by day.

Besides, it has not been easy to use books in this age of globalization and computerization. It was unavoidable to prepare CD-rom with the publication of this dictionary.As it was felt unavodable to prepare CD-rom before revised publication of this dictionary, the CD-rom of this dictionary has beeen prepared for the first time. In the said dictionary, against the first administrative word, it's Gujarati and Hindi synonyms i.e. in the official languages of Gujarat have been given. This is not a theory but a practice oriented administrative dictionarty. Besides, more than one options and synonyms in Gujarati and Hindi languages have been given by maintaining proper order of words.

When development - oriented administration relates to the public life and many fields of technology, this dictionary has an important contribution on the entire language communication in the form of a book. But, as the time demands CD-rom more than the book, I feel proud and happy to publish this dictionary in the form of CD-rom.

The officers/employees of the state government is familiar with the dictionary and other associated institutes will also find it useful in administrative correspondence and the related information. The officers and all the employees of Research Branch have helped in preparing this special type of software. I also thank Satyam Computer - the firm which has prepared this CD-rom. Any suggestions and opinions improving usefulness of this dictionary in the form of CD-rom are welcome. They will be take into consideration for the revised edition of this dictionary

March, 2007

Varadraj Pandit

Director of Languages

Gujarat State

પ્રાસ્તાવિક

સાંપ્રત સમયમાં સમગ્ર વિશ્વ એકવીસમી સદી તરફ હરણફાળ ભરી રહ્યું છે ત્યારે ગુજરાત સરકારે પણ સમય સાથે કદમ મિલાવવા કમર કસી છે. ભાષા નિયામકની કચેરીએ ૧૯૬૦થી આજદિન સુધી આશરે પચાસ જેટલાં અમૂલ્ય પ્રકાશનો પ્રસિદ્ધ કર્યાં છે. તે પૈકી ત્રિભાષી વહીવટી શબ્દકોશ તેનું આગવું સ્થાન ધરાવે છે. આ કોશને ૧૯૮૭માં નામ. રાજ્યપાલશ્રીના વરદ હસ્તે સંસ્કાર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે, ત્યારથી છેલ્લા બે દાયકા દરમિયાન સરકારી કર્મચારી / અધિકારીઓને આ કોશની ઉપયોગિતા જોતાં તેની માંગ દિનપ્રતિદિન વધતી ગઈ છે.

વધુમાં વૈશ્વિકરણ અને કોમ્પ્યુટરીકરણના આ યુગમાં પુસ્તકોનો ઉપયોગ કરવાનું સહજ રહ્યું નથી. શબ્દકોશની સાથોસાથ તેની CD પણ તૈયાર કરવાનું અનિવાર્ય બન્યું છે. આ કોશની પુસ્તક સ્વરૂપે નવી આવૃત્તિ તૈયાર કરતાં પહેલાં કોમ્પ્યુટરમાં ઉપયોગમાં લઈ શકાય તેવી CD તૈયાર કરવાનું અનિવાર્ય જણાતાં આ કોશની સૌપ્રથમવાર CD તૈયાર કરવામાં આવી છે. પ્રસ્તુત શબ્દકોશમાં પ્રથમ અંગ્રેજી વહીવટી શબ્દની સામે તેના પર્યાયો ગુજરાતની રાજભાષાઓમાં એટલે કે અનુક્રમે ગુજરાતી અને હિન્દીમાં આપવામાં આવ્યા છે. આ શબ્દકોશ વિદ્યાકીય નહીં પરંતુ પ્રયોજનલક્ષી વહીવટી શબ્દકોશ છે. સાથોસાથ ગુજરાતી અને હિન્દી ભાષામાં યોગ્ય અગ્રતાક્રમ જળવાઈ રહે તે રીતે એક કરતાં વધુ વિકલ્પ - પર્યાયો પણ આપવામાં આવ્યા છે.

પ્રવર્તમાન સમયમાં વિકાસલક્ષી વહીવટીતંત્ર પ્રજાજીવનના અને ટેક્નોલૉજીના અનેક ક્ષેત્રોને સ્પર્શે છે ત્યારે સમગ્ર ભાષા વ્યવહાર વિશે આ શબ્દકોશે મહત્ત્વનું પ્રદાન પુસ્તક સ્વરૂપે તો કર્યું જ છે. પરંતુ સમયની માંગ મુજબ આ પુસ્તકની CD શબ્દકોશ કરતાં પણ વધુ આવશ્યક જણાઈ હોઈ આ શબ્દકોશને CD સ્વરૂપે પ્રસિદ્ધ કરતાં ખરેખર ગૌરવ અને આનંદની લાગણી અનુભવું છું.

રાજ્ય સરકારના અધિકારી તથા કર્મચારીઓ તો આ કોશથી માહિતગાર છે જ પરંતુ અન્ય સંસ્થાઓ માટે આ CD વહીવટી પત્રવ્યવહારમાં અને તે અંગેની જાણકારી માટે ખૂબ જ ઉપયોગી પુરવાર થશે તેવી શ્રદ્ધા છે. CD તૈયાર કરવામાં કચેરીની સંશોધન શાખાના અધિકારી તથા કર્મચારીઓએ વિશેષ પ્રકારનું સોફ્ટવેર તૈયાર કરીને આ કોશની CD તૈયાર કરનાર સત્યમ કોમ્પ્યુટર સંસ્થાનો પણ આભાર વ્યક્ત કરું છું. CD સ્વરૂપે આ કોશની ઉપયોગિતામાં વધારો થાય તેવાં કોઈપણ સૂચનો અને અભિપ્રાય આવકાર્ય છે. આ કોશની નવી સંવર્ધિત આવૃત્તિ માટે તે અચૂક ધ્યાને લેવામાં આવશે.

માર્ચ, ૨૦૦૭

વરદરાજ પંડિત
ભાષા નિયામક
ગુજરાજ રાજ્ય

ત્રિભાષી વહીવટી શબ્દકોષ
TRILINGUAL ADMINISTRATIVE DICTIONARY
त्रिभाषी प्रशासनिक कोश

English અંગ્રેજી अंग्रेजी	Gujarati ગુજરાતી गुजराती	Hindi હિંદી हिन्दी
૧	૨	૩

A

Abacterno	અનાદિ કાળથી	अनादि काल से
Abaction	પશુચોરી; ધણચોરી	पशुचोरी; पशुचौर्य
Abactor	પશુચોર; ધણચોર	पशुचोर
Abacus	૧. (શિ.) મણકાઘોડી ૨. (સ્થા.) સ્તંભશીર્ષ; થંભશીશ; શીશફલક	१. (शि.) गिनतारा; गणनाफलक २. (वास्तु.) स्तंभशीर्ष; शीर्षफलक
Abaft	૧. (નૌ.) વહાણની પછવાડે ૨. પાછલી બાજુ; પાછલો ભાગ; -ની પાછળ; પછવાડું	१. (नौ.) जहाज के पिछले भाग में २. पीछे; पिछौता; पश्चात्
Abalienate	૧. (કા.) અન્ય-સંક્રમણ કરવું ૨. (ત.) પાગલ બનવું	१. (का.) अन्य-संक्रामण करना २. (चिकि.) पागल बनना
Abalienation	૧. (કા.) અન્ય-સંક્રમણ ૨. (ત.) ગાંડપણ	१. (का.) अन्य-संक्रामण २. (चिकि.) पागलपन; मूढ़चित्तता
Abandon	(કા.) છોડી દેવું; ત્યાગ કરવો; તજવું; બીજાના અધિકારમાં સોંપવું	(का.) त्याग करना; परित्याग करना; दूसरे के अधिकार में सौंप देना
Abandonee	(કા.) નષ્ટ વહાણના વીમાકર્તા	(का.) नष्ट जहाज़ का बीमाकर्ता; नष्ट या डूबे हुए जहाज़ पर की संपत्ति का बीमा करने वाला
Abandoner	(કા.) છોડી દેનાર; ત્યાગ કરનાર; તજનાર; પરિત્યાગી	(का.) परित्यागी
Abandonment	(કા.) ત્યાગ; પરિત્યાગ	(का.) परित्याग; परित्यजन
Abante	પહેલેથી; પ્રથમથી જ	पूर्वमेव; पहले से ही
Abantique	પ્રાચીન કાળથી જ	प्राचीन काल से
Abase	અપમાનિત કરવું; માનહાનિ કરવી; માનભંગ કરવું; તિરસ્કારવું	अपमानित करना; अपकर्ष करना; अनादर करना; मानहानि करना; तिरस्कृत करना
Abasement	અપમાન; માનભંગ; માનહાનિ	अपमान; अनादर; मानहानि
Abate	૧. (કા.) સમાપ્ત કરવું; રદ કરવું ૨. ઘટવું; ઓછું થવું; ઘટાડવું	१. (का.) समाप्त करना; रद्द करना २. घटना; कम होना; न्यून होना; कम करना; घटाना
Abatement	૧. (કા.) બંધ પડવું તે; સમાપ્તિ; રદ કરવું તે ૨. ઘટાડો	१. (का.) समाप्ति; रद्द करना २. घटाव; कमी; ह्रास
Abattoir	કતલખાનું; કસાઈખાનું	कसाईखाना; बूचड़खाना; वधस्थली
Abbreviate	ટૂંકાવવું; સંક્ષિપ્ત કરવું	संक्षिप्त करना; छोटा करना
Abbreviated address	ટૂંકું સરનામું	संक्षिप्त पता

૧	૨	૩
Abbreviation	સંક્ષેપ; સંક્ષેપાક્ષર; સંક્ષિપ્ત રૂપ; શબ્દ-સંક્ષેપ	संक्षेप; संक्षेपाक्षर; शब्द-संक्षेप
Abdicant	(પદ, અધિકાર, વગેરે) છોડી દેનાર / તજનાર; ત્યાગ કરનાર	(पद, अधिकार, आदि का) त्याग करने वाला व्यक्ति
Abdicate	(પદ, અધિકાર, વગેરે) છોડવું; છોડી દેવું; ત્યાગ કરવો	(पद, अधिकार, आदि) त्यागना/छोड़ देना
Abdication	(પદ, અધિકાર વગેરેનો) ત્યાગ	(पद, अधिकार आदि का) त्याग
Abdomen	પેટ; ઉદર	पेट; उदर
Abdominal	પેટ/ઉદરને લગતું	उदर/पेट से संबंधित
Abduct	(કા.) અપહરણ કરવું; છેતરી/ભોળવીને ભગાડી લઈ જવું	(का.) अपहरण करना; धोखा देकर या फुसलाकर भगा ले जाना
Abduction	(કા.) અપહરણ; ભગાડી જવું તે	(का.) अपहरण; भगाना
Abductor	(કા.) અપહરણ કરનાર; અપહર્તા; છેતરી/ભોળવીને ભગાડી જનાર	(का.) अपहरणकर्ता; अपहर्ता; धोखा देकर या फुसलाकर भगा ले जानेवाला
Abecedarian	૧. (શિ.) કક્કો-બારાખડી શીખનાર કે શીખવનાર ૨. શિખાઉ	१. (शि.) ककहरा या बारहखड़ी सीखने वाला या सिखलाने वाला २. नौसिखिया
Aberration	વિચલન; પદચ્યુતિ; માર્ગચ્યુતિ	विचलन; पदच्युति; मार्गच्युति
Aberrometer	વિચલનમાપક	विचलनमापी; विपथनमापी
Abet	(કા.) ગુના/અપરાધમાં સહાય કરવી; બહેકાવવું	(का.) अवप्रेरित करना; उकसाना; बहकाना
Abetment	(કા.) ગુના-સહાય	(का.) अवप्रेरण; उकसाहट; उकसाना
Abetter	(કા.) ગુના-સહાયક; બહેકાવનાર	(का.) अवप्रेरक; उकसानेवाला; बहकाने वाला
Abeyance	મોકૂફી; સ્થગિતતા	प्रास्थगन; मोकूफी
Abeyant	મોકૂફ; સ્થગિત	प्रास्थगित; प्रसुप्त
Abhor	ઘૃણા કરવી; તિરસ્કારવું; નફરત કરવી	घृणा करना; नफरत करना; तिरस्कार करना
Abhorrence; Abhorrency	ઘૃણા; તિરસ્કાર; નફરત	घृणा; तिरस्कार; नफरत
Abhorrent	ઘૃણાસ્પદ; તિરસ્કારપાત્ર	घृणित; गर्हित; बीभत्स; घृण्य; घिनौना
Abide by	-નું પાલન કરવું	-का पालन करना
Abiding	દૃઢ; સ્થાયી; પ્રબળ	स्थायी; दृढ; प्रबल
Abiding conviction	દૃઢ પ્રતીતિ/માન્યતા	स्थायी/दृढ/प्रबल प्रतीति
Abiding interest	સ્થાયી રસ; સ્થાયી અભિરુચિ	स्थायी अभिरुचि; स्थायी रस; स्थायी दिलचस्पी
Ability test	યોગ્યતા/ક્ષમતા કસોટી	योग्यता कसौटी; क्षमता कसौटी; सार्मथ्य परीक्षण
Ab initio	મૂળથી; પ્રારંભથી	आदित; प्रारंभ से; आरंभतः; शुरू से
Abirritant	પ્રશામક; સંતાપહારી	संतापहर; प्रशामक
Abject	હીન; પામર; અધમ; નીચ; નિકૃષ્ટ; તુચ્છ; હલકટ	हीन; दीन; पतित; निकृष्ट; अधम; नीच; कमीना; हलकट; तुच्छ
Abjection	હીનતા; પામરતા; અધમતા; નીચતા; તુચ્છતા; નિકૃષ્ટતા; દુર્દશા; દૈન્ય	दैन्य; हीनता; निकृष्टता; अपकर्ष; नीचता; तुच्छता; अधमता
Abjuration	૧. (કા.) પ્રતિજ્ઞાપૂર્વકનો/સોગંદપૂર્વકનો ત્યાગ ૨. ખંડન	१. (का.) सशपथ त्याग; शपथपूर्वक त्याग २. खंडन; प्रतिकथन
Abjure	૧. (કા.) પ્રતિજ્ઞાપૂર્વક/સોગંદપૂર્વક ત્યાગ કરવો ૨. ખંડન કરવું	१. (का.) सशपथ त्याग करना; प्रतिज्ञापूर्वक त्याग करना २. खंडन करना; प्रतिकथन करना; प्रतिषेध करना
Abjurement	૧. (કા.) પ્રતિજ્ઞાપૂર્વકનો/સોગંદપૂર્વકનો ત્યાગ ૨. ખંડન	१. (का.) सशपथ त्याग; शपथपूर्वक त्याग २. खंडन; प्रतिकथन

૧	૨	૩
Ablation	૧. (વ્યા.) અપાદાન ૨. (શ.કિ.) અંગછેદ; અંગછેદન ૩. (ભૂસ્તર.) ખડકધોવાણ	१. (व्या.) अपादान २. (शल्य.) अंगच्छेदन ३. (भूं.) अपक्षरण
Ablaze	૧. પ્રજ્વલિત; સળગતું; પ્રદીપ્ત; ઉદ્દીપ્ત; દેદીપ્યમાન; ઝળહળતું ૨. ક્રુદ્ધ; ઉત્તેજિત	१. प्रज्वलित; दहकता हुआ; जलता हुआ; प्रदीप्त; उद्दीप्त; देदीप्यमान २. क्रुद्ध; उत्तेजित
Abnegate	અસ્વીકાર કરવો; ઇનકાર કરવો; ત્યાગ કરવો; તજવું	अस्वीकार करना; इनकार करना; त्याग करना
Abnegation	અસ્વીકૃતિ; અસ્વીકાર; ઇનકાર; ત્યાગ	अस्वीकृति; इनकार; त्याग
Abnegator	અસ્વીકાર કરનાર; ઇનકાર કરનાર; ઇનકારક; ત્યાગ કરનાર	अस्वीकर्ता; अस्वीकार करने वाला; इनकार करने वाला; त्याग करने वाला
Abnormal	૧. અપસામાન્ય; નિયમબાહ્ય ૨. વિકૃત	१. अपसामान्य; अनियमित; नियमबाह्य २. विकृत; विरूप
Abnormal child	અપસામાન્ય બાળક	अपसामान्य बालक
Abnormal delay	અપસામાન્ય ઢીલ/વિલંબ	अपसामान्य विलंब
Abnormal demand	અપસામાન્ય માગણી	अपसामान्य माँग
Abnormal fluctuations	અપસામાન્ય વધઘટ	अपसामान्य घटाव-बढ़ाव/घट-बढ़/उच्चावचन
Abnormality	૧. અપસામાન્યતા; નિયમબાહ્યતા ૨. વિકૃતિ	१. अपसामान्यता २. विकृति; अस्वाभाविकता; विचित्रता; विरूपता
Abnormal profit	અપસામાન્ય નફો/લાભ/ફાયદો	अपसामान्य नफ़ा/लाभ/फ़ायदा/मुनाफ़ा
Abnormal psychology	અપસામાન્ય મનોવિજ્ઞાન/માનસશાસ્ત્ર; વિકૃત માનસશાસ્ત્ર	अपसामान्य मनोविज्ञान; विकृत मनोविज्ञान; वैकृतिक मनोविज्ञान
Abnormal variation	અપસામાન્ય ફેર/ફરક/ભિન્નતા	अपसामान्य विभिन्नता; असामान्य अंतर; असामान्य विचरण
Aboard	૧. વહાણમાં; જહાજમાં; વહાણ/જહાજ પર ૨. (કોઈ પણ) વાહનમાં; (કોઈ પણ) વાહન પર	१. जहाज़ (या नाव) में; जहाज़ (या नाव) पर २. (किसी) यान या सवारी पर
Abolish	રદ કરવું; નાબૂદ કરવું; લોપ કરવો	उन्मूलन करना; समाप्त करना; रद्द करना
Abolition	નાબૂદી; લોપ	उन्मूलन; समाप्ति; लोप
Abolition Officer	નાબૂદી અધિકારી	समाप्ति अधिकारी
Abolition of post	જગ્યાની નાબૂદી	पद समाप्त करना; पद रद्द करना; पद का अंत करना
Abolition of untouchability	અસ્પૃશ્યતા-નિવારણ/નાબૂદી	अस्पृश्यता का उन्मूलन; अस्पृश्यता का अंत
Abominable	ઘૃણાસ્પદ; નિંદ્ય; તિરસ્કારપાત્ર	घृणास्पद; घृणित; गर्हित; जुगुप्साकर; घिनौना
Abominate	ઘૃણા કરવી; તિરસ્કારવું; નફરત કરવી	घृणा करना; नफरत करना; तिरस्कार करना
Abomination	ઘૃણા; તિરસ્કાર; નફરત; જુગુપ્સા	घृणा; नफरत; तिरस्कार; जुगुप्सा
Aboriginal	૧. (વિ.) આદિમ; આદિ; મૂળ ૨. (સં.) આદિવાસી; આદિમ જાતિઓ; મૂળ જાતિઓ	१. (वि.) आदिम; आदि; आद्य; मूल २. (सं.) आदिवासी; आदिम जातियाँ; मूल जातियाँ
Aboriginality	આદિમતા; આદિવાસીપણું; આદિમ અવસ્થા; આદિવાસી અવસ્થા	आदिमता; आदिवासीपन; आदिम अवस्था; आदिवासी अवस्था
Aborigines	આદિવાસી જાતિઓ/લોકો	आदिवासी जातियाँ
Abort	૧. (ત.) ગર્ભપાત થવો; ગર્ભસ્રાવ થવો; અકાલ-પ્રસવ થવો ૨. (જીવ.) વિકાસ રુંધાવો/અટકવો; વિકાસમાં અવરોધ થવો ૩. નિષ્ફળ/વિફળ/વ્યર્થ બની જવું	१. (चिकि.) गर्भपात होना; गर्भस्राव होना; अकाल प्रसव २. (जीव.) विकास रुक जाना; विकास में अवरोध होना ३. निष्फल/व्यर्थ/विफल हो जाना
Abortion	(ત.) ગર્ભપાત	(चिकि.) गर्भपात; गर्भस्राव

૧	૨	૩
Abortive	૧. અકાળે જન્મેલું; અપરિપક્વ ૨. અવિકસિત ૩. નિષ્ફળ; વિફળ; વ્યર્થ	१. अकलप्रसूत; अपरिपक्व २. अविकसित; रुद्ध विकास ३. निष्फल; विफल; व्यर्थ
Abortive attempt	નિષ્ફળ પ્રયાસ/પ્રયત્ન	निष्फल प्रयास
Abortive child	અકાળે જન્મેલું બાળક/શિશુ; અકાલજાત બાળક/શિશુ	अकालप्रसूत/गर्भच्युत बालक/शिशु
Abortive medicine	ગર્ભપાત/ગર્ભસ્રાવ-ઔષધ/દવા	गर्भपाती/गर्भस्रावी औषध
Above mentioned	ઉપર્યુક્ત	उपर्युक्त
Above par	ઊંચા ભાવે	अधिमूल्य; अधिक मूल्य पर; प्रत्यक्ष मूल्य से ऊपर
At par	સરખા ભાવે	सममूल्य पर
Below par	નીચા ભાવે; ખોટના ભાવે	अवमूल्य पर
Above quoted	ઉપર ટાંકેલ	ऊपर उद्धृत; ऊपर लिखा हुआ; उपर्युक्त
Abradant	અપઘર્ષક; અપઘર્ષી; છોલી કાઢતો પદાર્થ; ઉઝરડા પાડતો પદાર્થ	अपघर्षक; अपघर्षी; खाल को छीलने वाला (पदार्थ); खुरदुरा
Abrase	ઘસવું; છોલી કાઢવું; ઉઝરડો પાડવો	अपघर्षण करना; रगड़ना; घिसना; खुरचना
Abrasion	ઘર્ષણ; ઉઝરડો; ઘસારો; છોલણ	अपघर्षण; रगड़; खरोंच; घिसाव; छिलन
Abrasive	ઘર્ષક; અપઘર્ષક	अपघर्षक; घर्षी; अपघर्षी
Abridge	ટૂંકાવવું; સંક્ષિપ્ત કરવું; સંક્ષેપ કરવો; ઘટાડવું; ઓછું કરવું	संक्षेपण करना; संक्षिप्त करना; संक्षेप करना; न्यून करना; कम करना
Abridged edition	સંક્ષિપ્ત આવૃત્તિ/સંસ્કરણ	संक्षिप्त संस्करण
Abridgement	સંક્ષેપ; સંક્ષેપણ; ઘટાડો	संक्षेप; संक्षेपण; संक्षेपीकरण; न्यूनता; न्यूनन; कमी; घटाव
Abridgement of damages	(કા.) નુકસાનીનો ઘટાડો	(का.) नुकसानी/हानिपूर्ति का न्यूनन
Abroach	૧. ખુલ્લા મોંનું - છેદવાળું (પીપ વગેરે) ૨. સક્રિય; ગતિમાન	१. निर्विद्ध; खुला; छेद वाला; सुराखदार (पीपा इत्यादि) २. सक्रिय; गतिमान
Abroad	૧. (સં) પરદેશ; વિદેશ; દેશાવર; સુદૂરનું સ્થળ ૨. (ક્રિ. વિ.) ચોમેર; બધે સ્થળે; પરદેશમાં; વિદેશમાં; દેશાવરમાં	१. (सं.) विदेश; देशांतर; सुदूर स्थान २. (क्रि. वि.) दूर-दूर; हर तरफ़; सब ओर; जहाँ-तहाँ; विदेश में; बाहर
Abrogate	રદબાતલ/નાબૂદ કરવું; વિલોપન કરવું	रद्द करना; निराकरण करना; विलोपन करना
Abrogation	નાબૂદી; રદબાતલ કરવું તે; વિલોપન	रद्द करने की क्रिया; निराकरण; निराकृति; विलोपन
Abscess	(પરુ ભરેલું) ગૂમડું; (પરુ ભરેલો) ફોલ્લો	स्फोट; फोड़ा; पीपदार फोड़ा; विद्रधि
Abscission	૧. (શ. ક્રિ.) અંગછેદન; અવયવ-છેદન; વિચ્છેદન ૨. (વન) (કૃ.) વિયોજન; વૃક્ષાંગછેદન	१. (शल्य.) अंग-विच्छेद २. (वन.) (कृ.) वियोजन
Abscond	બેપતા થઈ જવું; ફરાર થવું	पलायन करना; प्रपलायन करना; फरार होना; भाग जाना
Abscondence	બેપતા થવું તે; ફરાર થવું તે	पलायन; प्रपलायन; फरार होने का कार्य; भाग निकलने का कार्य
Absconder	બેપતા; ફરાર	पलायक; प्रपलायक; प्रपलायी; फरार; भगोड़ा
Absconding debtor	બેપતા/ફરાર દેવાદાર; નાસતો-ફરતો દેણદાર	प्रपलायी देनदार/कर्ज़दार/ऋणी; फरार देनदार/कर्ज़दार/ऋणी
Absconding offender	બેપતા/ફરાર ગુનેગાર; નાસતો-ફરતો ગુનેગાર	प्रपलायी/फरार अपराधी
Absence	૧. ગેરહાજરી; અનુપસ્થિતિ ૨. અભાવ	१. अनुपस्थिति; ग़ैरहाज़िरी २. अभाव
Absence of mind	બેધ્યાનપણું; શૂન્યમનસ્કતા	अन्यमनस्कता; शून्यमनस्कता
Absent	ગેરહાજર; અનુપસ્થિત	अनुपस्थित; ग़ैरहाज़िर

૧	૨	૩
Absent debtor	ફરાર દેણદાર	फरार देनदार/कर्ज़दार/ऋणी
Absentee	૧. ગેરહાજર/અનુપસ્થિત (વ્યક્તિ) ૨. બેઠાડુ	१. अनुपस्थित; अनुपस्थाता; अनुपस्थायी २. दूरवासी; दूरस्थ; अन्यत्रवासी
Absentee allowance	ગેરહાજરી ભથ્થું; અનુપસ્થિતિ ભથ્થું	अनुपस्थिति भत्ता
Absentee capitalism	બેઠાડુ મૂડીવાદ	दूरवासी पूँजीदारी/पूँजीवाद; दूरस्थ पूँजीदारी/पूँजीवाद; अकर्मण्य पूँजीदारी/पूँजीवाद
Absenteeism	૧. અનુપસ્થિતિવાદ ૨. ગેરહાજર રહેવાનું વલણ; ગેરહાજરવૃત્તિ	१. अनुपस्थिति; अनुपस्थायिता; अन्यत्रवासिता २. अनुपस्थित/ग़ैरहाजिर रहने का रुख
Absentee landlord	બેઠાડુ જમીનદાર	दूरवासी/दूरस्थ/अन्यत्रवासी ज़मींदार
Absentee landlordism	બેઠાડુ જમીનદારી	दूरवासी/दूरस्थ/अन्यत्रवासी ज़मींदारी
Absentee statement	ગેરહાજરીપત્રક	अनुपस्थिति/गैरहाजिरी विवरण
Absentee voting	અનુપસ્થિત મતદાન	अनुपस्थित मतदान
Absent-minded	શૂન્યમનસ્ક; અન્યમનસ્ક	शून्यमनस्क; अन्यमनस्क
Absent on tour	પ્રવાસને કારણે ગેરહાજર	प्रवास में; प्रवास की वजह से अनुपस्थित/ग़ैरहाजिर
Absent voter	અનુપસ્થિત મતદાર	अनुपस्थित/ग़ैरहाजिर मतदाता
Absolute	૧. પૂર્ણ; અઘાટ ૨. અબાધિત; નિરંકુશ ૩. નિરપેક્ષ ૪. પરિશુદ્ધ; નિર્ભેળ ૫. પરમ; અંતિમ ૬. નિરપવાદ	१. पूर्ण; संपूर्ण २. अबाधित; निर्बाध; निरंकुश ३. निरपेक्ष ४. शुद्ध; परिशुद्ध ५. चरम; परम; अंतिम ६. निरपवाद
Absolute acceptance	પૂર્ણ સ્વીકૃતિ/સ્વીકાર	पूर्ण स्वीकृति
Absolute alcohol	સંપૂર્ણ શુદ્ધ/નિર્ભેળ મદ્યાર્ક/આલ્કોહોલ	संपूर्ण शुद्ध मद्यसार/ऐलकोहल
Absolute and unconditional	પૂર્ણ અને બિન-શરતી	संपूर्ण और बिना शर्त के
Absolute authority	પરમ સત્તા	परम प्राधिकार; परम सत्ता
Absolute ceiling	અંતિમ ટોચમર્યાદા	अंतिम ऊँचाई
Absolute conviction	દૃઢ પ્રતીતિ/માન્યતા	दृढ़ धारणा; पूर्ण विश्वास
Absolute discretion	પૂર્ણ વિવેક/વિવેકબુદ્ધિ/વિવેકાધિકાર	पूर्ण विवेक; परम विवेक
Absolute interest	નિરપેક્ષ હિત	निरपेक्ष हित
Absolute majority	પૂર્ણ બહુમતી	पूर्ण बहुमत
Absolute monopoly	પૂર્ણ ઇજારો	पूर्ण एकाधिकार; पूर्ण इजारा
Absolute necessaries	તદ્દન આવશ્યક ચીજો	परमावश्यक वस्तुएँ
Absolute occupancy	પૂર્ણ ભોગવટો	पूर्ण अधिभोगाधिकार
Absolute order of discharge	(કા.) આખરી મુક્તિ-હુકમ	(का.) अंतिम उन्मुक्ति/उन्मोचन हुक्म
Absolute owner	પૂર્ણ માલિક; અબાધિત માલિક	पूर्ण स्वामी; निर्बाध स्वामी
Absolute power	અબાધિત/નિરંકુશ સત્તા	निरंकुश/अनियंत्रित सत्ता
Absolute priority	પરમ અગ્રતા; પૂરેપૂરી અગ્રતા	परम अग्रिमता
Absolute property	અબાધિત મિલકત	अबाधित संपत्ति
Absolute relinquishment	અબાધિત ત્યાગ; નિરપેક્ષ ત્યાગ	अबाधित त्याग; निरपेक्ष त्याग
Absolute right	પૂર્ણ હક; અબાધિત હક	पूर्ण अधिकार
Absolute rule	૧. નિરપવાદ નિયમ ૨. નિરંકુશ શાસન/રાજ્ય-વહીવટ	१. निरपवाद नियम २. निरंकुश शासन

૧	૨	૩
Absolute sale	(કા.) અઘાટ વેચાણ	(का.) अप्रतिबन्ध बिक्री
Absolute title	(કા.) અબાધિત માલિકીહક; અબાધિત હક-ઇલાખો	(का.) निर्बाध हक
Absolution	(કા.) આરોપમુક્તિ; દોષમુક્તિ	(का.) निर्मुक्ति; अपमोचन; दोषमुक्ति
Absolutism	૧. (રાજ.) આપખુદશાસનવાદ; તાનાશાહી; એકહથ્થુવાદ ૨. (તત્ત્વ.) નિરપેક્ષતાવાદ; મોક્ષવાદ	१. (राज.) निरंकुश शासनवाद; तानाशाही; निरंकुशता; परमसत्तावाद २. (दर्श.) निरपेक्षवाद; निरपेक्षतावाद; परमवाद; मोक्षवाद
Absolve	(કા.) દોષમુક્ત/આરોપમુક્ત કરવું; વિમુક્ત કરવું	(का.) विमुक्त करना; दोषमुक्त करना
Absonant	૧. અસંગત; વિસંવાદી; અનુચિત; અયોગ્ય ૨. (સંગી.) બેસરું; કર્ણ કઠોર	१. असंगत; बेतुका; अयुक्तियुक्त; अयुक्त; अनुचित २. (संगी.) बेसुरा; कर्कश
Absorb	૧. સમાવવું; સમાવેશ કરવો ૨. (રસા.) શોષી લેવું; ચૂસી લેવું; શોષવું	१. समामेलित करना; समाविष्ट कर लेना; समा लेना २. (रसा.) अवशोषण करना; सोख लेना; चूस लेना
Absorbency	(રસા.) શોષકતા	(रसा.) अवशोषकता
Absorbent	(સં.અને વિ.) (રસા.) શોષક; ચૂસી લેતું	(सं. और वि.) (रसा.) अवशोषक; अवशोषी; प्रचूषक; प्रचूषी
Absorbiometer	(રસા.) શોષણમાપક	(रसा.) अवशोषणमापी
Absorption	૧. સમાવેશ; સમાસ ૨. (રસા.) શોષણ; ચુસણ ૩. (મા.) તલ્લીનતા; તન્મયતા	१. समामेलन; समावेश २. (रसा.) अवशोषण; अवचूषण ३. (मनो.) तल्लीनता; तन्मयता
Absorptive	(રસા.) શોષક; ચૂસી લેતું	(रसा.) अवशोषक; अवशोषी; प्रचूषक; प्रचूषी
Absorptivity	(રસા.) શોષકતા	(रसा.) अवशोषकता
Abstain	છોડી દેવું; પરેજી પાળવી; દૂર/વેગળા/અલગ રહેવું	परहेज़ करना; अलग रहना; बचना; दूर रहना; छोड़ना
Abstainer	૧. પરેજી પાળનાર ૨. દારૂ છોડી દેનાર; મદ્યત્યાગી; કેફી દ્રવ્યથી દૂર રહેનાર વ્યક્તિ	१. परहेज़गार २. मद्यत्यागी; शराब या अन्य नशीली वस्तु से दूर रहने वाला (व्यक्ति)
Abstain from drink	દારૂ છોડી દેવો; મદ્યપાનથી દૂર રહેવું	शराब से दूर रहना; शराब न पीना; मदिरापान से बचना
Abstemious	મિતાહારી; સંયમી; નિગ્રહી	मिताहारी; मितभोजी; संयमी; मिताचारी; निग्रही
Abstention	૧. અક્રિયતા; અલગ રહેવું તે; વર્જન ૨. મતદાન ન કરવું તે; (મતદાનમાં) તટસ્થ રહેવું તે ૩. સંયમ; પરેજી	१. भाग न लेना; अलग रहना २. मतदान न करना; तटस्थ रहना ३. संयम; परहेज़
Abstergent	૧. સાફ કરનાર; પરિમાર્જક; સંમાર્જક ૨. રેચક (ઔષધ)	१. अपमार्जक; संमार्जक; साफ करने वाला २. रेचक या मलशोधक (औषधि)
Abstersion	૧. સફાઈ; સ્વચ્છતા; શુદ્ધિ ૨. રેચ; રેચન	१. अपमार्जन; प्रक्षालन; सफ़ाई; शुद्धीकरण २. रेचन; मलशोधन
Abstinence; Abstinency	મિતાહાર; પરેજી; સંયમ; નિગ્રહ	मिताहार; आहारनियम; संयम; परहेज़; निग्रह
Abstinent	મિતાહારી; સંયમી; પરેજી પાળનાર; મિતાચારી	मिताहारी; संयमी; परहेज़गार
Abstract	૧. (સં.) તારણ; તારીજ; સાર ૨. (વિ.) (ક) ઊચક (ખ) અમૂર્ત; અવ્યક્ત	१. (सं.) सार; संक्षेप; सार-सूची २. (वि.) (क) संक्षिप्त (ख) अमूर्त; अव्यक्त
Abstract bill	ઊચક બિલ	संक्षिप्त बिल; संक्षिप्त विपत्र
Abstract budget	સાર-અંદાજપત્ર; સંક્ષિપ્ત અંદાજપત્ર	संक्षिप्त बजट; सार बजट; संक्षिप्त आयव्ययक, सार आयव्ययक
Abstracter; Abstractor	તારીજકાર; સંક્ષેપકાર; સંક્ષેપક	संक्षेपक; संक्षेपकार; संक्षेपकर्ता
Abstract of title	ઇલાખાતારીજ; માલિકીહકની તારીજ; માલિકીહકનું તારણ	हक-संक्षेप

૧	૨	૩
Abstruse	દુર્બોધ; દુર્ગમ; ગહન; જટિલ; સૂક્ષ્મ	दुर्गम; दुर्बोध; गहन; गूढ; सूक्ष्म; जटिल
Abstruseness	દુર્બોધતા; દુર્ગમતા; ગહનતા; જટિલતા; સૂક્ષ્મતા	दुर्गमता; दुर्बोधता; गहनता; गूढ़ता; सूक्ष्मता; जटिलता
Absurd	૧. અસંબદ્ધ; અર્થહીન; અર્થશૂન્ય; વિસંગત ૨. કઢંગું; બેહૂદું; વાહિયાત; હાસ્યાસ્પદ	१. असंगत; विसंगत; अनुचित; अयुक्त; अनर्थक; असंबद्ध; बेतुका २. मूर्खतापूर्ण; हास्यास्पद; वाहियात; बेढंगा; बेहूदा
Absurdity	૧. અસંબદ્ધતા; અર્થશૂન્યતા; અર્થહીનતા; વિસંગતતા; અસંગતતા ૨. કઢંગાપણું; બેહૂદાપણું; વાહિયાતપણું	१. असंगति; विसंगति; अनौचित्य; अयुक्तता; अर्थहीनता; असंबद्धता; बेतुकापन २. बेढंगापन; बेहूदापन
Abundance	૧. વિપુલતા; પ્રચુરતા; આધિક્ય; અધિકતા; બાહુલ્ય ૨. સમૃદ્ધિ	१. विपुलता; प्रचुरता; प्राचुर्य; बहुलता; बाहुल्य; अधिकता; आधिक्य; बहुतायत २. समृद्धि; संपन्नता
Abundant	૧. પુષ્કળ; ખૂબ; અતિશય; ઘણું; ભરપૂર; વિપુલ; અધિક; પ્રચુર ૨. સમૃદ્ધ; સંપન્ન ૩. પર્યાપ્ત; પરિપૂર્ણ; પૂરતું	१. विपुल; प्रचुर; ज्यादा; अधिक; बहुत; घना; भरपूर; अतिशय २. समृद्ध; संपन्न ३. पर्याप्त; परिपूर्ण
Abundant proof	પર્યાપ્ત/પૂરતી/સંપૂર્ણ સાબિતી	प्रचुर/परिपूर्ण प्रमाण
Abuse	૧. દુરુપયોગ ૨. અપશબ્દ; ગાળ	१. दुरुपयोग २. अपशब्द; गाली; गाली-गलौज; दुर्वचन
Abuse of authority	સત્તા/અધિકારનો દુરુપયોગ	प्राधिकार का दुरुपयोग
Abuse of discretion	સ્વવિવેકનો દુરુપયોગ; વિવેક-બુદ્ધિનો દુરુપયોગ	स्वविवेक का दुरुपयोग; विवेक का दुरुपयोग; विवेकाधिकार का दुरुपयोग
Abuse of power	સત્તા/અધિકારનો દુરુપયોગ; શક્તિનો દુરુપયોગ	अधिकार का दुरुपयोग; शक्ति का दुरुपयोग
Abuse of property	મિલકતનો દુરુપયોગ	सम्पत्ति का दुरुपयोग
Abuse of trust	વિશ્વાસઘાત	विश्वासघात
Abusive language	ગલીચ ભાષા; ગાળાગાળી; અપશબ્દો	गाली; अपशब्द; गाली-गलौज
Abut	-ની હદ પર આવેલું હોવું; -ને અડીને આવેલું હોવું; - ની લગોલગ/અડોઅડ હોવું	सटा हुआ या लगा हुआ होना; संसक्त होना; साथ लगे होना
Abutment	૧. સ્પર્શ; પ્રતિસ્પર્શ ૨. સીમા-સંયોગ ૩. થાંભલો; ટેકો; અંત્યાધાર ૪. સાંધો; સાંધાની જગ્યા	१. स्पर्श; प्रतिस्पर्श; लगाव २. सीमा-संयोग ३. अंत्याधार; स्तम्भ; टेक ४. संधिस्थल; संधि
Abuttals	સંલગ્ન સીમાઓ; હદની વીગતો	अनुसीमा; संसक्त सीमाएँ; साथ लगी सीमाएँ
Abutter; Abutting owner	પડખેનો માલિક; પડખેની જમીન કે મિલકતનો માલિક	पार्श्व-स्वामी; संसक्त स्वामी; साथ में लगी भूमि या जायदाद का मालिक
Abysmal	અતિગહન	अथाह; अतिगहन
Abyss	ભૂગર્ભ; પાતાળ; ઊંડી ખીણ	पाताल; अगाध गर्त; अतल खाई; वितल
Abyssal deposits	(ભૂસ્તર.) ભૂગર્ભ જથ્થો; ભૂગર્ભ થર	(भू.) पातालीय निक्षेप; वितलीय निक्षेप
Abyssal life	(જીવ.) ભૂગર્ભની જીવસૃષ્ટિ; પાતાળની જીવસૃષ્ટિ	(जीव.) अतलवासी जीव; अगाधवासी जीव
Abyssal rock	(ભૂસ્તર.) ભૂગર્ભ ખડક	(भू.) वितलीय शैल; वितलीय चट्टान
Academic	૧. શૈક્ષણિક; વિદ્યામૂલક ૨. તાત્ત્વિક; સૈદ્ધાંતિક ૩. શાસ્ત્રીય	१. शैक्षणिक; शैक्षिक; विद्या मूलक २. तात्त्विक; सैद्धांतिक ३. शास्त्रीय
Academic council	વિદ્યાપરિષદ	विद्या परिषद्
Academic discussion	શાસ્ત્રીય ચર્ચા; સૈદ્ધાંતિક ચર્ચા	शास्त्रीय विचारविमर्श/चर्चा; सैद्धांतिक विचारविमर्श/चर्चा

૧	૨	૩
Academic education	વિદ્યામૂલક/શાસ્ત્રીય શિક્ષણ	शास्त्रीय शिक्षा
Academician	વિદ્વાન	विद्वान
Academic institution	વિદ્યાસંસ્થા	विद्यासंस्था
Academic liberty	શિક્ષણ-સ્વાતંત્ર્ય; શૈક્ષણિક સ્વાતંત્ર્ય; વિદ્યા-સ્વાતંત્ર્ય	शिक्षा-स्वातंत्र्य; विद्या-स्वातंत्र्य; शैक्षिक-स्वतंत्रता
Academic method	શાસ્ત્રીય પદ્ધતિ	शास्त्रीय प्रणाली
Academic qualifications	શૈક્ષણિક લાયકાત	शैक्षणिक अर्हता/योग्यता
Academic work	વિદ્યોચિત/વિદ્યાલક્ષી કાર્ય	विद्योचित कार्य
Academic year	શૈક્ષણિક વર્ષ	शिक्षा-वर्ष; शैक्षिक वर्ष
Academy	અકાદમી	अकादमी
Academy of Fine Arts	લલિત કલા અકાદમી	ललित कला अकादमी
Acarpous	(વન.) ફળરહિત; અફળ; વંધ્ય	(वन.) फलहीन; अफल; फल न देने वाला; वंध्य; बाँझ
Accede	૧. સંમત થવું; માન્ય રાખવું ૨. પદ-અધિકાર ગ્રહણ કરવો ૩. સામેલ થવું ૪. પ્રવેશ કરવો ૫. જવાબદારી સંભાળવી	१. मान लेना; सहमत होना २. पद-अधिकार ग्रहण करना ३. शामिल होना; सम्मिलित होना ४. प्रवेश करना ५. कार्यभार संभालना
Accelerant	વેગવર્ધક; પ્રવેગક; ત્વરક; ગતિવર્ધક	गतिवर्धक; वेगवर्धक; त्वरक; प्रवेगक
Accelerate	વેગ આપવો; ઝડપ વધારવી; ત્વરિત કરવું	गति बढ़ाना; वेग बढ़ाना; तेज़ करना; त्वरित करना
Accelerated	વેગીલું; ત્વરિત	त्वरित
Accelerated depreciation	(અર્થ.) ઝડપી/ત્વરિત ભાવઘટાડો	(अर्थ.) त्वरित मूल्यह्रास; तेजी से कीमत घटना
Accelerated erosion	(કૃ.) ઝડપી/ત્વરિત ધોવાણ	(कृ.) त्वरित अपरदन; त्वरित अपक्षरण
Accelerated motion	ઝડપી ગતિ; ત્વરિત ગતિ; પ્રવેગ-ગતિ	प्रवेग-गति; त्वरित गति
Accelerated promotion	ક્રમ-બહાર બઢતી; પ્રવેગી બઢતી	त्वरित पदोन्नति
Accelerating influence	વેગવંત પ્રભાવ	त्वरक प्रभाव
Accelerating premium	(અર્થ.) ત્વરિત/ઝડપી વધારો	(अर्थ.) आरोही बढ़ौती
Acceleration	પ્રવેગ; ગતિવૃદ્ધિ	प्रवेग; गतिवृद्धि
Accelerative; Acceleratory	વેગવર્ધક; પ્રવેગક; ગતિવર્ધક	प्रवेगक; गतिवर्धक; वेगवर्धक
Accelerator	વેગવર્ધક; પ્રવેગક; ગતિવર્ધક; ત્વરક	प्रवेगक; गतिवर्धक; वेगवर्धक; त्वरक; त्वरित्र
Accelerometer	પ્રવેગમાપક; ગતિવૃદ્ધિમાપક; ત્વરામાપક	प्रवेगमापी; त्वरणमापी; त्वरामापी
Accept	સ્વીકારવું; અપનાવવું; માન્ય કરવું; કબૂલ કરવું	स्वीकार करना; ग्रहण करना; मानना
Acceptable	સ્વીકાર્ય; ગ્રાહ્ય	स्वीकार्य; ग्राह्य
Acceptance	સ્વીકાર; સ્વીકૃતિ	स्वीकृति; ग्रहण
Acceptance book	(વાણિ.) સ્વીકાર-પોથી; સ્વીકાર-વહી	(वाणि.) स्वीकार-बही
Acceptance credit	(બેં.) સ્વીકૃતિ શાખ	(बैं.) स्वीकृति साख
Acceptance for honour	(વાણિ.) માનાર્થ સ્વીકૃતિ/સ્વીકાર	(वाणि.) मानार्थ स्वीकरण; आदरार्थ स्वीकरण
Acceptance house	(વાણિ.) સ્વીકૃતિ-ગૃહ	(वाणि.) स्वीकृति गृह
Acceptance note	સ્વીકૃતિ-પત્ર	स्वीकृति-पत्र
Acceptance of office	હોદ્દાનો સ્વીકાર; પદ-સ્વીકાર	पद स्वीकृति
Acceptance rate	સ્વીકાર્ય દર; સ્વીકાર્ય ભાવ	स्वीकार्य भाव
Acceptance register	(બેં.) સ્વીકૃતિ રજિસ્ટર	(बैं.) स्वीकार रजिस्टर; स्वीकृति रजिस्टर

૧	૨	૩
Acceptation	સ્વીકૃત અર્થ; રૂઢ/પ્રચલિત અર્થ	स्वीकृत अर्थ; सामान्य अर्थ
Accepter; Acceptor	સ્વીકારનાર; સ્વીકારક; સ્વીકૃતિકાર	स्वीकारक; स्वीकर्ता
Access	૧. પ્રવેશ ૨. પ્રવેશ-હક ૩. વૃદ્ધિ ૪. પ્રવેશ-માર્ગ/રસ્તો	१. पहुँच; प्रवेश; पैठ २. प्रवेश-अधिकार ३. वृद्धि; बढ़ोतरी ४. प्रवेश-मार्ग/रास्ता
Accessibility	૧. સુગમતા; સુલભતા ૨. પ્રવેશયોગ્યતા	१. सुगमता; सुलभता २. प्रवेश्यता; अभिगम्यता; प्रवेश-योग्यता
Accessible	૧. સુગમ; સુલભ ૨. પ્રવેશ-સુલભ	१. सुगम; सुलभ २. प्रवेश-सुलभ
Accession	૧. જોડાણ ૨. ગ્રંથપ્રાપ્તિ-નોંધ ૩. પ્રાપ્તિ ૪. વૃદ્ધિ ૫. રાજ્યારોહણ; પદપ્રાપ્તિ	१. अधिमिलन २. अवाप्ति; ग्रंथ-प्राप्ति ३. प्राप्ति ४. अनुवृद्धि; अभिवृद्धि ५. राज्यारोहण; पदारोहण
Accession clause	(કા.) જોડાણ ખંડ	(का.) अधिमिलन धारा
Accession number	પ્રાપ્તિ ક્રમાંક/નંબર	अवाप्ति क्रमांक; प्राप्ति क्रमांक
Accession of property	મિલકત-વૃદ્ધિ	संपत्ति की अनुवृद्धि
Accession register	ગ્રંથપ્રાપ્તિ-નોંધ પત્રક/રજિસ્ટર	अवाप्ति रजिस्टर; ग्रंथ प्राप्ति-रजिस्टर
Accessories	ઉપસાધનો; સહાયક-સામગ્રી	उपसाधन; उपकरण
Accessory	સહાયક; ગૌણ; અનુષંગી	सहायक; अनुषंगी; उपसाधक; गौण
Accessory food	પૂરક ખોરાક	उपान्न; गौण खुराक
Accessory gland	ઉપગ્રંથિ	उपग्रंथि; अतिरिक्त ग्रंथि
Accessory licence	સહાયક પરવાનો; સહાયક લાઇસન્સ	उपसाधक लाइसेन्स
Accessory obligation	ગૌણ જવાબદારી	गौण दायित्व
Accessory right	ગૌણ હક; અનુષંગી હક	गौण अधिकार
Accident	દુર્ઘટના; અકસ્માત	दुर्घटना; आकस्मिक घटना; संयोग
Accidental	આકસ્મિક	आकस्मिक; सांयोगिक
Accident chest	ઉપચાર-પેટી; અકસ્માત-પેટી	उपचार-पेटी
Accidented	વિષમ; ઊંચુંનીચું; ઉચ્ચાવચ	ऊँचा-नीचा; विषम; उबड़-खाबड़
Accident insurance	અકસ્માત વીમો	दुर्घटना बीमा
